# આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે દરેક જિલ્લામાં ૭૫ સરોવર નિર્માણનું આહવાન કરતા વડાપ્રધાન

### જળ સંચય બાબતે ઉદાસીન ન રહીએ, દર ચોમાસા પહેલા તળાવ ઉંડા કરવાનો સંકલ્પ કરીએ





ગાંધીનગર, તા. ૧૦

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતુ કે જળસંચય બાબતે ઉદાસીન ન રહીએ, દર વર્ષે ચોમાસા પહેલા તળાવ ઉંડા કરવાનો, સાફ કરવાનો સંકલ્પ કરીએ. ધરતીમાતાને રસાયણ મુક્ત બનાવવા પ્રાકૃતિક કૃષિ તરફ વળીએ.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને આજે ઉમાધામ ગાઠીલાનો ૧૪ મો મહાપાટોત્સવ ભકિતભાવપૂર્વક યોજાયો હતો. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વીડિયો કોનફરન્સના માધ્યમથી સંબોધન કર્યુ હતું.

વર્ષ ૨૦૦૮માં ઉમાધામ ગાંઠિલાનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો જેમાં મને ઉપસ્થિત રહેવાની તક મળી હતી તેમ જણાવી વડાપ્રધાને કહ્યું કે આ પાવન ધામ આજે શ્રદ્ધાના કેન્દ્રની સાથે સાથે સામાજિક ચેતનાનું કેન્દ્ર તેમજ પ્રવાસન માટે મહત્વનું સ્થાન બની રહ્યુ છે. માં ઉમિયાના આશીર્વાદથી ૧૪ વર્ષના ગાળામાં વિવિધ પ્રવૃતિઓનો વ્યાપ વધાર્યો છે. જે બદલ શ્રી ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ ગાંઠીલાના ટ્રસ્ટીઓ, ભક્તોને અભિનંદન પાઠવ્યા હતા.

વડાપ્રધાને ગુજરાતમા ભૂતકાળમાં પડેલા દુષ્કાળોના ઉલ્લેખ કરતા કહ્યું કે રાજયમાં જળસંચય, ચેકડેમ, પર ડ્રોપ-મોર ક્રોપ, સૌની યોજના તેમજ જન આંદોલનથી જાગૃતતા આવી. દર ચોમાસા પહેલા તળાવ ઉંડા કરવાનો સંકલ્પ કરીએ તો પાણી સંગ્રહ થશે. પાણી ધરતીમાં ઉતરશે. ગુજરાત રાજયના મુખ્યમંત્રી પણ પ્રાકૃતિક ખેતીને સમર્પીત છે. ત્યારે આપણે સૌ પણ પ્રાકૃતિક કૃષિ કરવા આગળ આવીએ.



મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે રામનવમીના પાવન અવસરે ઉમાધામ ગાંઠીલા ખાતે જગતજનની ઉમિયા માતાજીના ભક્તિ ભાવપૂર્વક દર્શન પુજન કર્યા હતા. જૂનાગઢ પાસેના ગાંઠીલા ખાતે ઓઝત નદીના રમણિય કાંઠે સ્થિત ઉમાધામ ખાતે મુખ્યમંત્રીએ ઉમિયા માતાજીને મંદિરમાં શીશ નમાવી દર્શન પૂજન સાથે સમગ્ર ગુજરાતના કલ્યાણ સાથે માતાજીની કૃપા હંમેશા વરસતી રહે તેવી પ્રાર્થના કરી હતી.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાથે ઉમાધામ ગાંઠીલા મંદિર ખાતે પાટીદાર સમાજના અગ્રણી સર્વ નીલેશભાઈ ધૂલેશીય, મનીશભાઈ ચાંગેલા સહિતના સહભાગી થયા હતા.




## રામનવમી નિમિત્તે વોર્ડનં.૩ના નગરસેવક દ્વારા દાનપુણ્ય

રામનવમી નિમિત્તે વોર્ડ નં.૩ના નગરસેવક સોનાલીબેન પટેલના પતિએ ચૈત્રી નવરાત્રીના નકોરડા ઉપવાસ કર્યા હતા. દાનપુણ્ય કરવા માટે એમણે એમના વોર્ડના સફાઈ કર્મીઓને બોલાવી સેકટર-૨૪ના બગીચામાં અને બીજા સફાઈકર્મીઓને ઘરે બોલાવી તેમને ઉનાળાની ગરમીમાં આઈસક્રીમ આપી અને દાન પુણ્ય કર્યું હતું.




શહેરમાં રામનવમીની ઉલ્લાસભેર ઉજવણી થઈ હતી. રાયસણના શ્રી પંચેશ્વર મંદિર ખાતે અન્નકુટનું આયોજન કરાયું હતું. સાથે જ રામકથા યોજાઈ હતી. ભાવિકોએ આ કાર્યક્રમનો ભાવપૂર્વક લાભ લીધો હતો.

# નડાબેટ સીમાદર્શન પ્રોજેક્ટના લીધે બનાસકાંઠા સમગ્ર દેશમાં આકર્ષણનું કેન્દ્ર બનશે : અમિતભાઈ શાહ

### ભારત-પાક આંતરરાષ્ટ્રીય સરહદ નડાબેટ ખાતે 'સીમાદર્શન પ્રોજેક્ટ'નું કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે લોકાર્પણ

ગાંધીનગર, તા. ૧૦

બનાસકાંઠા જિલ્લાના સૂઈગામ તાલુકાના નડાબેટ સ્થિત ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સીમા ખાતે નિર્મિત 'સીમાદર્શન પ્રોજેક્ટ'નું કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ગૃહમંત્રી અમિતભાઈ શાહે ગુજરાત અને દેશવાસીઓને રામનવમીની શુભેચ્છા પાઠવતા જણાવ્યુ કે આપણા સૌના આરાધ્યદેવ મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામના જીવન-કવનમાંથી આપણને યુગો યુગોથી પ્રેરણા મળતી રહી છે. તેમણે કહ્યું કે આજે મને ચૈત્ર સુદ-૯ ના પવિત્ર દિવસે નડેશ્વરી માતાજીનાં મેળામાં સહભાગી થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે.

ગૃહમંત્રીએ બીએસએફના જવાનોની જવાંમર્દીને બિરદાવતા કહ્યું કે બી.એસ.એફ.ના જવાનો માઈનસ ૪૦ ડિગ્રીથી લઈને ૫૦ ડિગ્રી ગરમીની કઠીન પરિસ્થિતિઓમાં દેશનું રક્ષણ કરે છે. સીમાઓ પર દૂર હજારો કિ.મી. દૂર તપતા રેગિસ્તાનમાં આપણી સુરક્ષા માટે તેઓ ખડેપગે ઊભા છે. ''જીવનપર્યંત કર્તવ્ય''ના નારા સાથે દેશની સેવામાં બી.એસ.એફ. હંમેશા અગ્રેસર છે તેમ જણાવી તેમણે કહ્યુ કે દેશ પર જ્યારે જ્યારે આફત આવી છે ત્યારે બી.એસ.એફ.ના જવાનોએ જાનની બાજી લગાવી દેશસેવા કરી છે.

ગૃહમંત્રીએ કહ્યું કે આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની કલ્પનાને હું વંદન કરું છું કે બનાસકાંઠા જિલ્લાના નડાબેટ ખાતે સીમાદર્શન પ્રોજેક્ટ નિર્માણ પામ્યો છે. આ પ્રોજેકટથી પ્રવાસનના વિકાસની સાથે નવી રોજગારીનું સર્જન થશે. તેમણે આશાવાદ વ્યક્ત કરતાં જણાવ્યું કે આવનારા ૧૦ વર્ષ પછી આ વિસ્તારમાં લાખો લોકોને રોજગારીની નવી તકો પ્રાપ્ત થશે. તેમણે કહ્યું કે નડાબેટ સીમાદર્શન પ્રોજેકટના લીધે બનાસકાંઠા જિલ્લો સમગ્ર દેશમાં આકર્ષણનું કેન્દ્ર બનશે. રાષ્ટ્રના નાગરિકોને મા ભોમની રક્ષા માટે સતત ખડેપગે રહેનારા બી.એસ.એફ જવાનોની જીવનચર્યાને પ્રત્યક્ષ અનુભવવાની તક પ્રાપ્ત થાય તેમજ જવાનોની રહેણી-કરણી, ફરજો અને દેશપ્રેમને રૂબરૂ નિહાળી શકે તેવા આશયથી સીમાદર્શન પ્રોજેક્ટ શરૂ કરાયો છે.

ગૃહમંત્રીએ સીમાદર્શન પ્રોજેકટની વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું કે સીમાદર્શન પ્રોજેક્ટ અંતર્ગત રૂ. ૧૨૫ કરોડના ખર્ચે પ્રવાસીઓ માટે તમામ પ્રકારની અદ્યતન સુવિધાઓ અને વિશેષ આકર્ષણો વિકસિત કરવામાં આવ્યા છે. પ્રવાસન વિભાગ દ્વારા બોર્ડર ટુરિઝમના વિકાસ માટે 'ટી-જંક્શનહ્લ, ઝીરો પોઈન્ટ તથા ટી-જંક્શનથી લઈને ઝીરો પોઈન્ટ સુધીના રસ્તા પર વિવિધ વિકાસકાર્યો કરવામાં આવ્યા છે.









ચૈત્રી નવરાત્રિનું ધાર્મિક માહોલમાં સમાપન થયું છે. ચૈત્ર નવરાત્રિની આઠમ નિમિત્તે સેકટર-૫માં મહાકાળી માતાજીના હવનનું આયોજન કરાયું હતું. શ્રી મહાકાળી સેવા ટ્રસ્ટ દ્વારા યોજવામાં આવેલા આ હવનમાં ભાવિક ભકતો મોટી સંખ્યામાં જોડાયા હતા. ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલે હવન કાર્યક્રમમાં હાજરી આપી હતી.




પાલજ ગામનાં આગણે,શ્રી મહાકાળી મંદિરે નવ-દિવસીય દેવી ભાગવત કથાનો પ્રારંભ થયો છે,વ્યાસ પીઠ પર ભારતીબાપુએ પ્રથમ દિવસે સૌ-શ્રોતા જનોનાં મન મોહિ લીધા હતા,રાવલ પરિવાર દ્વારા આયોજીત કથા નો સમય દરરોજ બપોરે ૨/૩૦ થી ૫/૩૦ કલાક સુધી કથા યોજાશે. સૌ નગર જનોને કથા શ્રવણ કરવા સુંદરધામ પરિવાર દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવ્યું હતું

## સેકટર-૫ વસાહત મહામંડળ દ્વારા ત્રણ દિવસીય પ્રવાસનુ આયોજન



સેકટર ૫ વસાહત મહામંડળ આયોજિત સેકટર ૫ ના સિનિયર સિટીઝનો ને શનિવારે દ્વારકા બેટદ્વારકા સોમનાથ કાગવડ ખોડલધામ નાગેશ્વર જયોતિલીંગ રુક્મિણી મંદિર વીરપુર જલારામ અને ચોટીલા ચામુંડા માતાજી તા ૧૨-૪-૨૦૨૨ સુધી ત્રણ દિવસ પ્રવાસ માટેનું આયોજન કરવામાં આવ્યું છે આ પ્રવાસમા ૬૦થી ૮૦ વર્ષ સુધીના સિનિયર સિટીઝનો ઉત્સાહ પુર્વક ભાગ લીઈ જોડાયા છે સેકટર ૫ શોપિંગ સેન્ટર થી સ્લીપરકોચ એસી બસ રાત્રે ૮-૩૦ કલાકે યાત્રા પવાસ જવા રવાના થઈ હતી. આ પસંગે શુભેચ્છાઓ આપવા માટે સેકટર ૫ ના વસાહતી અગણીઓ મોટી સંખ્યામાં હાજર રહીઆ પ્રસંગે ગાંધીનગર પાલિકાનાં વોડ નંબર ૮ છાયા બેન ત્રિવેદી ખાસ હાજર રહી સેક્ટર ૫ નાં સીનીયર સીટીઝન ને પ્રવાસ યાત્રા ને શુભેચ્છાઓ પાઠવી તથા મોં મીઠું કરાવ્યું હતું.આ યાત્રા પ્રવાસ નું આયોજન સેકટર ૫ વસાહત મહામંડળ ના પમુખ કેશરીસિહ બિહોલા ઉપપ્રમુખ મુળસિહ ચાવડા ધનશયામ સિંહ ગોલ ખજાનચી વિનોદભાઈ ભટ્ટ ઈશ્વરભાઈ પટેલ આ ઉપરાંત યોગ પરિવાર નાં વડીલો હાજર રહી શુભેચ્છાઓ પાઠવી હતી.

## ડભોડા ખાતે વિશ્વ હોમિયોપેથી દિવસ નિમિતે હોમિયોપેથીક સારવાર કેમ્પ યોજાયો

વિશ્વ હોમિયોપેથી દિવસ નિમિત્તે ડભોડા ખાતેથી કુપોષણ નિવારણ અંતર્ગત કુપોષિત બાળકો માટે હોમિયોપેથીક સારવાર પ્રોજેકટ ની શરૂઆત કારવાનમાં આપવામાં આવશે. જેની શરૂઆત પ્રમુખ જિલ્લા પંચાયત દિલીપભાઈ પટેલ, ધારાસભ્ય ગાંધીનગર દક્ષિણ શંભુજી ઠાકોર, ચેરમેન, આરોગ્ય સમિતિ જિલ્લા પંચાયત સંગાડા, રવજીભાઈ જાદવ, તાલુકા સદસ્ય હિંમતસિંહ પરમાર, ડભોડા હનુમાનજી મંદિરના ટ્રસ્ટી પ્રોગ્રામ ઓફિસર મહિલા અને બાળ વિકાસ, જિલ્લા




આવી.જેમાં ૧૦ એપ્રિલથી હોમિયોપથી પદ્ધતિના શોધક ડો. સેમ્યુઅલ હનેમાનની જન્મ જયંતિથી શરૂ કરીને ત્રણ માસ સુધી ગાંધીનગર જિલ્લાના કુપોષિત બાળકોને હોમિયોપેથીક સારવાર મીનાબેન લલિતાસિંહ ઠાકોર, સામાજિક ન્યાય સમિતિ ચેરમેન કવિતાબેન દશરથજી સંગાડા, જિલ્લા પંચાયત સદસ્ય રંજનબેન જાદવ, ભાજપ અગ્રણી લલિતસિંહ ઠાકોર, દશરથજી પંચાયત મીનલબેન વાળા, જિલ્લા આયુર્વેદ અધિકારી વૈદ્ય ભાવના પટેલ, ડભોડા સરપંચ આનંદીબેન ભૂપતસિંહ પરમાર ના હસ્તેથી કુપોષિત બાળકોને હોમિયોપથી દવા આપી કરવામાં આવી હતી.

# અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશનની હવે ૪ હજાર કરોડના ખર્ચે કાયાપલટ થશે

અમદાવાદ, તા.૧૦

શહેરમાં એક પછી એક પ્રોજેકટ તૈયાર થયા રહ્યા છે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમ જે વિશ્વનું સૌથી મોટું સ્ટેડિયમ તૈયાર કરાયું, ત્યાર બાદ મેટ્રો રેલ પ્રોજેકટ જે પૂર્ણતાનાં આરે છે. ત્યાર બાદ બુલેટ ટ્રેનનો પ્રોજેકટ જેનું કામ ચાલી રહ્યું છે.અને ત્યાર બાદ ૪ હજાર કરોડના ખર્ચે અમદાવાદ રેલવે સ્ટેશનની કાયા પલટનો પ્રોજેકટ હાથ પર લેવામાં આવ્યો છે.

અમદાવાદ કાલુપુર રેલવે સ્ટેશને નવો લુક આપવા માટે એક ડીઝાઈન તૈયાર કરવામાં આવી છે. જેનું એક બેઠક કરી પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ડીઝાઈનને ફાઈનલ કરવા માટેની પ્રક્રિયા ચાલી રહી છે. હડસન હાઈલાઈન પાર્ક પરથી એક ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે. જ્યારે આ ડીઝાઈન પર રેલવે સ્ટેશનને નવો લુક આપવામાં આવશે તો એક અદભુત નજારો કાલુપુર રેલવે સ્ટેશનનો જોવા મળશે. કાલુપુર રેલવે સ્ટેશનના વિસ્તારમાં ઝૂલતા મિનારા પણ છે. પરંતુ ઝૂલતા મિનારા જડવાય રહે તે રીતે આજુબાજુનો વિસ્તારનું ડેવલોમેન્ટ કરવામાં આવશે. એક નવો લુક તૈયાર કરવામાં આવશે. નવી ડિઝાઈનમાં કાલુપુર બ્રિજથી સારંગપુર બ્રિજસુધીનો વિકાસ કરવામાં આવશે.

કાલુપુર રેલવે સ્ટેશન પર નવી ડીઝાઈન તૈયાર કરાશે ત્યારે ગાર્ડન, મોલ, એલિવેશન રોડ, બુકીંગ એરિયા, રેસ્ટ રૂમ આધુનિક ટેકનોલોજી સાથે ઉભું કરાશે. તેમજ જુના ટ્રેકની સંખ્યા જાળવી રાખી અથવા ટ્રેકની સંખ્યા વધારે બનાવાશે.

## મને ગમે છે

● અનુસંધાન પાંચમાનું ચાલુ

કોલેજ, અને ઘણીબધી ઈન્જિનિયરિંગ કોલેજ છે. અહી વીજળી કાપ ખૂબ જ દુર્લભ છે. રાત્રી ભોજન બાદ અમને પ્લર - ૪ બગીચામાં જઈને વાતો કરવી, ઘાસ પર ચાલવું, અને હાથમાં સોડા પકડવી ગમે છે. આ ઉપરાંત અહીં અક્ષરધામ, ઈન્દ્રોડા પાર્ક, મહાત્મા મંદિર, ઈન્ફોસિટી, પુનિતવાન, સેક્ટર ૧ તળાવ જેવા પ્રવાસી આકર્ષણો પણ છે.

## શાહબાઝ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાર્ટીના નેતાઓ અને કાર્યકર્તાઓનો બંધારણ માટે ઉભા રહેવા માટે આભાર.

મીડિયા રિપોર્ટ અનુસાર અટકળો છે કે પાકિસ્તાન પીપુલ્સ પાર્ટીના પ્રમુખ બિલાવલ ભુટ્ટોને પાકિસ્તાનના આગામી વિદેશ મંત્રી બનાવી શકાય છે. તે પૂર્વ પ્રધાનમંત્રી બેનઝીર ભુટ્ટો અને પૂર્વ રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીના પુત્ર છે. ખાસ વાત છે કે ઈમરાન ખાનને સત્તામાંથી બહાર કરવા દરમિયાન શરીફનું નામ ખાસ ચર્ચામાં રહ્યુ હતું. તે ત્રણ વખત પંજાબના મુખ્મયંત્રી રહી ચુક્યા છે.

અવિશ્વાસ પ્રસ્તાવથી બચવા માટે ઘણા પ્રયાસો બાદ પાકિસ્તાનની નેશનલ એસેમ્બલીમાં મધ્યરાત્રિમાં મતદાન થયું હતું. આ દરમિયાન ૩૪૨ સભ્યોવાલી એસેમ્બલીમાં ૧૭૪ સાંસદોએ પ્રસ્તાવના સમર્થનમાં મત આપ્યો હતો. પરંતુ પાકિસ્તાનમાં કાર્યકાળ પૂરો કર્યા વગર સત્તા ગુમાવવી નવી વાત નથી, પરંતુ અવિશ્વાસ પ્રસ્તાવ દ્વારા પદ છોડનાર ઈમરાન પ્રથમ પ્રધાનમંત્રી છે.

## કાપ મુક્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

નોન-ફ્યુઅલ અને ટ્રાન્સપોર્ટના વપરાશમાં ૧.૭ ટકાનો ઘટાડો થવાની શક્યતા છે. તેનું કારણ એ છે કે ફુગાવો ૫.૧ ટકાથી ૬.૨ ટકાની રેન્જમાં પહોંચ્યો છે. આગામી સમયમાં પ્રાઈવેટ કન્ઝમ્પશન ૮ ટકા કરતા પણ ઓછો ગ્રોથ નોંધાવે તેવી શક્યતા છે. નાણાકીય વર્ષ ૨૦૨૨માં ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (ય્ડ્ઢ)માં પ્રાઈવેટ કન્ઝમ્પશનનો હિસ્સો ૫૬.૬ ટકા હતો. ખાદ્ય તેલના ભાવ પણ વધવાથી લોકોએ તેનો ઉપયોગ ઓછો કરી નાખ્યો છે.